RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 239* Date: 26.06.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ચિંતાજનકઃ દેશમાં કોરોના ચેપનાં કેસો વધીને ૪,૭૩,૧૦૫ થયા

# 'અનલોક-૧ અસફળ': ૨૪ કલાકમાં કોરોનાના અધધ...૧૭ હજાર કેસ

## વધુ ૪૨૨ના મોત સાથે દેશમાં મૃત્યુઆંક ૧૪,૮૯૬એ પહોંચ્યો,હાલમાં ૧,૮૬,૫૧૪ એક્ટિવ કેસ



ન્યુ દિલ્હી,તા.૨૫

સમગ્ર દેશમાં અનલોક-૨ની તૈયારીઓ ચાલી રહી છે અને તેમાં વધુ છૂટછાટ આપવાની શક્યતા વચ્ચે કોરોનારૂપી એક્સપ્રેસ થંભવાનું નામ ન લેતી હોય તેમ સતત વધતા કેસોમાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસનો એક નવો રેકોર્ડ નોંધાયા છે. આજે ગુરૂવારે સવારે જાહેર કરાયેલાં આંકડા પ્રમાણે, ભારતમાં ૧૭,૦૦૦ કરતા વધુ કેસ એક દિવસમાં નોંધાયા છે, પાછલા એક દિવસમાં નોંધાયેલા કેસનો રેકોર્ડ ૧૫,૬૮૯ હતો જેમાં વધુ ૧,૫૦૦ કેસ સાથે હવે નવો રેકોર્ડ નોંધાયો છે. તેની સાથે ગઈકાલે બુધવારે સતત બીજા દિવસે ૪૦૦થી વધારે એટલે કે ૪૨૨ લોકોના મોત પણ નોંધાયા છે. આ સાથે એક દિવસમાં નોંધાયેલા નવા કેસનો આંકડો ૧૭,૧૫૬ થયો છે. ભારતમાં કોરોના વાયરસના કુલ કેસનો આંકડો વધીને ૪.૭૩ લાખ એટલે કે પોણા પાંચ લાખની નજીક પહોંચી થયો છે, ચાર દિવસ પહેલા દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૪ લાખ હતો. અને વાયરસના કારણે થયેલા કુલ મૃત્યુઆંક ૧૪,૮૯૬ થયો છે. દરમ્યાનમાં, મધ્યપ્રદેશમાં શિવરાજ સરકારે એક જૂલાઈથી રાજયમાં "કીલ કોરોના' અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રમાં બીજા નંબરના સૌથી વધુ કેસ અને ૨૦૮ના મોત નોંધાયા છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં નોંધાયેલા મોત ભારતમાં નોંધાયેલા કુલ આંકડાનો અડધાભાગ જેટલો થાય છે. દિલ્હીમાં વધુ ૬૪નાં મોત થયા, જયારે તામિલનાડુ ૩૩ અને ગુજરાતમાં ૨૫નાં મોત નોંધાયા છે. કર્ણાટકમાં મૃત્યુઆંકમાં ઉછાળો આવ્યો છે, અહીં વધુ ૧૪ના મોત નોંધાયા છે. ભારતમાં કોરોના વાયરસના કારણે થયેલા કુલ મૃત્યુઆંક ૧૪,૮૯૬ થયો છે. જો કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૭.૪૨ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૦૧૨ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨,૭૧,૬૯૭ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે છે.

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના વધુ ૩,૮૯૦ , દિલ્હીમાં ૩,૭૮૮, તામિલનાડુમાં ૨,૮૬૫ તેલંગાણામાં ૮૯૧, ઉત્તરપ્રદેશમાં ૭૦૦, ગુજરાતમાં ૫૭૨, આંધ્રપ્રદેશમાં ૪૯૭, હરિયાણામાં ૪૯૦, બંગાળમાં ૪૪૫ અને આસામમાં ૪૨૯ નવા કેસ નોંધાયા છે.

આ પ્રકારે દેશમાં અત્યાર સુધી કુલ સંક્રમિત કેસ ૪ લાખ ૭૩ હજાર૧૦૫ કેસ થઈ ગયા છે. જેમાંથી એક લાખ ૮૬ હજાર ૫૧૪ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં ૨ લાખ ૭૧ હજાર ૬૯૭ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. સાથે જ અત્યાર સુધી ૧૪,૮૯૪ દર્દીના મોત થયા છે. દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. બે મહિનાના લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે અને હવે ૧ જુલાઈથી તેમાં વધુ છૂટછાટ આપવામાં આવશે ત્યારે દેખીતી રીતે જ કેસો વધવાની શક્યતાને નકારી શકાય તેમ નથી.

તો બીજી તરફ ઈન્ડિય કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨ લાખ ૭ હજાર ૮૭૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ દેશમાં અત્યાર સુધી ૭૫ લાખ ૬૦ હજાર ૭૮૨ સેમ્પલ ટેસ્ટ કરાયા છે.

આ પહેલા ૨૦ જૂને ૧૫ હજાર ૯૧૮ સંક્રમિત મળ્યા હતા.છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૩૮૯૦ સંક્રમિતોની પુષ્ટી કરાઈ હતી. દિલ્હીમાં ૩૭૮૮ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા, હવે અહીંયા ૭૦ હજાર ૩૯૦ દર્દી થઈ ગયા છે, જે મુંબઈ કરતા ૨ હજાર વધારે છે. રાહતની વાત છે કે દેશમાં કોરોનોનો રિકવરી રેટ ૬% વધીને ૫૬.૩૮% થઈ ગયો છે.

મધ્યપ્રદેશમાં શિવરાજ સરકારે એક જૂલાઈથી રાજયમાં "કીલ કોરોના' અભિયાન શરૂ કરશે. આ અભિયાન હેઠળ તમામ ઘરનો સર્વે કરવામાં આવશે. આ સાથે જ ભોપાલમાં બુધવારે ૧૮૭ કેસ સામે આવ્યા હતા. સાથે જ રાજભવનમાં વધુ ૮ કેસ પોઝિટિવ મળ્યા હતા. અહીંયા સતત ૩ દિવસથી સંક્રમિત મળી રહ્યા છે. રાજભવનમાં અત્યાર સુધી ૨૪ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. રાજયમાં સંક્રમિતોની સંખ્યા હવે ૧૨૪૪૮ થઈ ગઈ છે.બિહારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૩ નવા કેસ આવ્યા છે. સિવાનમાં સૌથી વધારે ૩૯, પટના ૨૦, બેગુસરાયમાં ૧૬ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાજયમાં અત્યાર સુધી ૮,૨૭૩ લોકો સંક્રમિત મળી આવ્યા છે. જેમાંથી ૫૫ લોકોના મોત થયા છે. ૬,૧૦૬ દર્દી સાજા પણ થયા છે.

### પેટ્રોલમાં ૧૬ પૈસા અને ડિઝલમાં ૧૪ પૈસાનો વધારો

## અબકી બાર 'ડિઝલ' ૮૦ને પાર: સતત ૧૯મા દિવસે ભાવ વધારો યથાવત્

ન્યુ દિલ્હી,તા.૨૫

વૈશ્વિક સ્તરે કાચા તેલના ભાવમાં ઘટાડો હોવા છતાં ઘરેલુ બજારમાં ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૧૯ દિવસથી ડીઝલ અને પેટ્રોલના ભાવ વધી રહ્યા છે. ૧૯માં દિવસે ડીઝલમાં ૧૪ પૈસા જ્યારે પેટ્રોલમાં ૧૬ પૈસાનો વધારો ઝીંકાયો છે. જ્યારે છેલ્લા ૧૯ દિવસની વાત કરીએ તો ડીઝલની કિંમતમાં કુલ ૧૦.૬૨ રૂપિયા પ્રતિ લિટર અને પેટ્રોલમાં ૮.૬૬ રૂપિયા પ્રતિ લિટરનો વધારો નોંધાયો છે.

ગુરુવારે એટલે કે આજે સરકારી તેલ કંપનીઓએ ફ્યુલની કિંમતોમાં વધારો કર્યો છે. દિલ્હીમાં પેટ્રોલના ભાવ ૧૬ પૈસા વધીને ૭૯.૭૬ રૂપિયા પ્રતિ લિટરે પહોંચ્યા છે. જ્યારે ડીઝલમાં ૧૪ પૈસાનો વધારો થતા ભાવ ૮૦.૦૨ રૂપિયા પ્રતિ લિટરે બોલાઈ રહ્યાં છે. આ સાથે દેશના ઈતિહાસમાં પહેલીવાર ડીઝલના ભાવ ૮૦ રૂપિયાને પાર પહોંચ્યા છે. દિલ્હી શું આખા દેશમાં આવું પહેલીવાર થયું છે કે ડીઝલના ભાવ ૮૦ને પાર પહોંચ્યા છે.

ગુજરાત રાજયની વાત કરીએ તો પ્રમુખ શહેરોમાં પેટ્રોલ અને ડિઝલના ભાવમાં છેલ્લા ૧૯ દિવસમાં જંગી વધારો જોવા મળ્યો છે. તેલ કંપનીઓ દ્વારા ફ્યુલની કિંમત વધારતા પેટ્રોલ અને ડીઝલના ભાવ ઐતિહાસિક ટોચની સપાટીએ પહોંચ્યા છે. અમદાવાદની વાત કરીએ તો પ્રતિ લિટર પેટ્રોલ રૂ.૭૭.૪૦ અને ડીઝલ રૂ.૭૭.૩૩ બોલાઈ રહ્યાં છે. જ્યારે સુરતમાં પેટ્રોલ રૂ.૭૭.૩૨ અને ડીઝલ રૂ.૭૭.૨૭ પ્રતિ લિટરે બોલાઈ રહ્યા છે. આ સિવાય રાજકોટમાં પેટ્રોલ રૂ.૭૭.૨૧, ડીઝલ રૂ.૭૭.૧૬ પ્રતિ લિટર, વડોદરામાં પેટ્રોલ રૂ.૭૭.૦૭, ડીઝલ રૂ.૭૭.૦૧ પ્રતિ લિટર, જામનગરમાં પેટ્રોલ રૂ.૭૭.૩૬, ડીઝલ રૂ.૭૭.૨૪ પ્રતિ લિટર, જૂનાગઢમાં પેટ્રોલ રૂ.૭૮.૧૪, ડીઝલ રૂ.૭૮.૦૮ પ્રતિ લિટર અને ભાવનગરમાં પેટ્રોલ રૂ.૭૮.૭૦, ડીઝલ રૂ.૭૮.૬૪ પ્રતિ લિટર ભાવ બોલાઈ રહ્યા છે.

### ધો.૧૨ની પરીક્ષા આપવી કે નહીં તે વિદ્યાર્થી નક્કી કરશે

## કોરોના મહામારી: CBSEની ધો.૧૦-૧૨ની જુલાઈમાં યોજાનાર પરીક્ષા રદ

### છેલ્લી ૩ પરીક્ષાના આધારે વિદ્યાર્થીનું મુલ્યાંકન થશે,સીબીએસઈની પરીક્ષા ૧થી ૧૫ જુલાઈ દરમિયાન યોજાવાની હતી




ન્યુ દિલ્હી,તા.૨૫

સીબીએસઇ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા રદ કરાવવાની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી . મહારાષ્ટ્ર, દિલ્હી અને ઓડિશાએ પરીક્ષા કરાવવાની ના પાડતા એફિડેવિડ દાખલ કરી છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યુ કે, ધોરણ ૧૦ અને ૧૨ની ૧થી ૧૫ જુલાઈ સુધી યોજાનારી પરીક્ષા રદ્દ કરી દેવામાં આવી છે.

મહત્વનું છે કે સીબીએસઈએ ધોરણ ૧૦ની પરીક્ષા સંપૂર્ણ રીતે રદ્દ કરવાનો નિર્ણય લીધો છે, જ્યારે સીબીએસઈ ધોરણ ૧૨ પરીક્ષાઓ હવે વૈકલ્પિક હશે. સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન બોર્ડે પોતાના આ નિર્ણયની જાણકારી આપી છે. સાથે જ એ પણ જણાવ્યું છે કે હવે કયા આધાર પર વિદ્યાર્થીઓનાં અંક આપવામાં આવશે અને રિઝલ્ટ તૈયાર કરવામાં આવશે. સીબીએસઈ અને કેન્દ્રિય માનવ સંસાધન વિકાસ મંત્રાલયની સાથે બેઠકમાં બોર્ડનાં અધિકારીઓએ કહ્યું હતુ કે ૧૦માં ધોરણનાં ઈન્ટરનલ એસેસમેન્ટનાં આધારે રિઝલ્ટ તૈયાર કરવું સરળ છે.

જો કે ૧૨ ધોરણનાં મામલે આ પ્રકારનું રિઝલ્ટ તૈયાર કરવામાં મુશ્કેલી આવશે. કેમકે ૧૨માં ધોરણનાં આધારે આઈઆઈટી, મેડિકલ સહિત અનેક ઉચ્ચ સંસ્થાઓમાં એડમિશન મળે છે. સ્કૂલનાં એસેસમેન્ટમાં અનેક હોનહાર વિદ્યાર્થી પણ પાછળ રહી શકે છે. આ કારણે બોર્ડે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે ધોરણ ૧૨નાં વિદ્યાર્થીઓને ૨ વિકલ્પ આપવામાં આવે. તેમને સ્કૂલમાં થયેલી ૩ પરીક્ષાઓમાં તેમના પરફોર્મન્સનાં આધારે અંક આપવામાં આવે.

આ ઉપરાંત તેમને કેટલાક મહિના બાદ થનારી ઈમ્પ્રુવમેન્ટ પરીક્ષામાં સામેલ થવાનો પણ વિકલ્પ પણ આપવામાં આવે. વિદ્યાર્થી ઈચ્છે તો ઈમ્પ્રુવમેન્ટ પરીક્ષા આપીને પોતાનો સ્કોર સારો કરી શકશે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી-માર્ચમાં ચાલી રહેલી પરીક્ષાઓ કોરોના મહામારીનાં કારણે સ્થગિત કરી દેવામાં આવી હતી. ત્યારબાદ સીબીએસઈએ ૧ જુલાઈથી લઈને ૧૫ જુલાઈ સુધી પરીક્ષાઓ કરાવવાની વાત કહી હતી.આઈસીએસઈએ કહ્યું કે તે પણ ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓને રદ્દ કરશે. અસેસમેન્ટ અંતર્ગત પરિણામો જાહેર કરવામાં આવશે. જો પરિસ્થિતિમાં સુધારો થાય છે, તો ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષાનો વિકલ્પ આપવામાં આવશે કે નહીં, તે પછીથી નક્કી કરવામાં આવશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૭૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૯૫૭૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૧૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૧૫૦૬**

### ઈમરજન્સીને ૪૫ વર્ષ પૂર્ણ, શાહના કોંગ્રેસ પર આકરા પ્રહારો

## એક પરિવારની સત્તા ભૂખ માટે ૪૫ વર્ષ પહેલા કટોકટી જાહેર થઈ હતીઃ ગૃહપ્રધાન



ન્યુ દિલ્હી,તા.૨૫

ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું કે, આ એક કડવું સત્ય છે કે, કોંગ્રેસ નેતા પોતાનું શોષણ અનુભવી રહ્યા છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ નેતા હતાશ કેમ થઈ રહ્યા છે. વધુમાં શાહે કહ્યું કે, ૪૫ વર્ષ પહેલા આજના દિવસે સત્તાની લાલચમાં એક પરિવારે દેશમાં કટોકટી લાગુ કરી હતી. તેમણે કહ્યું કે, રાતોરાત દેશને જેલમાં બદલવામાં આવ્યો હતો. મીડિયા, અદાલત બધું જ પૂર્ણ થઈ ગયું હતું. ગરીબો અને દલિતો પર અત્યાચાર કરવામાં આવ્યો હતો.લાખો લોકોના પ્રયાસના કારણે કોટોકટી દુર થઈ હતી. ભારતમાં લોકતંત્ર બેહાલ થયું હતું પરંતુ લોકતંત્ર કોંગ્રેસ પાર્ટીમાંથી હજી પણ બાકાત રહ્યું છે. તેમણે કહ્યું કે, એક પરિવાર અને પાર્ટીનું હિત રાષ્ટ્રીય હિત પર હાવી હતું.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની હાલની બેઠકનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે, બેઠક દરમિયાન વરિષ્ઠ સભ્યો અને અન્ય સભ્યોએ કેટલાક મુદ્દાઓ ઉઠાવ્યા હતા પરંતુ તેમને શાંત કરાવવા માટે તેમને દબાવવામાં આવ્યા હતા. પાર્ટીના એક પ્રવકતાને વિચાર્યા વગર બરખાસ્ત કરવામાં આવ્યા હતા. સત્ય તો એ છે કે, કોંગ્રેસના નેતાઓ પાર્ટીમાં ગુંગણામણ અનુભવી રહ્યા છે.

શાહે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના કાર્યકાળમાં લગાવવામાં આવેલી કટોકટીને લઈને કોંગ્રેસ પાર્ટી પર પ્રહારો કર્યા હતા. તેમણે ટ્વિટ કરીને કોંગ્રેસ પાર્ટીની લોકતાંત્રિક પ્રકિયા પર સવાલો ઉઠાવ્યા હતા.

## સોપોરમાં એન્કાઉન્ટરઃ સેનાએ બે આતંકીઓને ઠાર કર્યા

સોપોર,તા.૨૫

જમ્મુ-કાશ્મીરના સોપોરમાં આજે ભારતીય સેના અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ શરૂ થઈ ગઈ હતી. આ અથડામણમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. પ્રાપ્ય જાણકારી પ્રમાણે જવાનો અને આતંકવાદીઓ વચ્ચે બારામુલા જિલ્લાના સોપોરમાં હર્દશિવા વિસ્તારમાં અથડામણ શરૂ થઈ હતી. આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમી મળતા સેનાની ૩૨ રાષ્ટ્રીય રાયફલ, એસઓદી સોપોર અને સીઆરપીએફે એક જોઈન્ટ ઓપરેશન શરૂ કર્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન ભારતીય સેનાની ટુકડી આતંકવાદીઓને પકડવા માટે તેમની નજીક જઈ રહી હતી ત્યારે જ આકતંકવાદીઓએ અંધાધૂન ગોળીબાર શરૂ કરી દીધો હતો. તેના જવાબમાં ભારતીય જવાનોએ પણ વળતો પ્રહાર કર્યો હતો. જેમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં ભારતને સફળતા સાંપડી છે.

સેનાની ૩૨ રાષ્ટ્રીય રાયફલ, એસઓદી સોપોર અને સીઆરપીએફે એક જોઈન્ટ ઓપરેશનમાં સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ દરમિયાન વિસ્તારમાં કોઈ પ્રકારની શંકા ઉપજતા પ્રશાસને સમગ્ર સોપોરમાં મોબાઈલ ઈન્ટરનેટની સુવિધા બંધ કરી દીધી છે.

જમ્મુ-કાશ્મીરમાં જવાનોને આજે વધુ એક સફળતા પણ હાથ લાગી છે. જવાનોએ આજે બડગામમાં લશ્કર-એ-તોયબાના એક આતંકવાદી મોડ્યૂલનો ભાંડો ફોડ્યો છે. જવાનોએ આતંકવાદીઓને આતંક ફેલાવવામાં મદદ કરનારા પાંચ સાથીદારોની ધરપકડ કરી દીધી છે. તેમની પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળા જપ્ત કરવામાં આવ્યા છે.

# તંત્રી સ્થાનેથી...

## ઉતાવળે આંબા ન પાકે: ચીનની શાન ક્યારે ઠેકાણે લાવી શકાય....?

કોરોના વિશ્વભરમાં ૯૭ લાખ ૫૪ હજારથી વધુ લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે. અને ૪ લાખ ૮૫ હજારથી વધુ લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે. ભારતમાં ૪ લાખ ૭૪ હજારથી વધુ લોકો કોરોના સંક્રમિત થઈ ગયા છે જ્યારે મૃતાક ૧૫ હજારના આંકને આંબવા તરફ આગળ વધી રહ્યો છે. ત્યારે દગાખોર ચીને તેની વિસ્તારવાદી નીતિ મુજબ ભારતના ગલવાન વિસ્તાર પર કબજો કરવાનો મોટો દાવ કરી નાખ્યો છે. ૧૯૬૨ માં જ્યારે રશિયા અને યુએસ ક્યુબન મિસાઈલ કટોકટીમાં હતા ત્યારે ચીને તેનો લાભ ઉઠાવેલો અને હાલ પણ તેની કદાચ આવીજ ચાલ હોઈ શકે....! સ્વ.વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ ચીનના રાષ્ટ્રપતિ સાથે સંબંધો- મિત્રતા બહુ જ સારી રીતે કેળવી હતી એ જ પ્રકારે મોદીજીએ જીન પીગ સાથે સંબંધો કેળવ્યા છે. બન્ને નેતાઓ અલગ અલગ સ્થળો પર લગભગ ૧૮ વાર મળી ચૂક્યા છે અને તમામ મુલાકાતો ભારે ઉષ્માસભર રહી છે..... છતાં ૧૯૬૨ માં ભારત-ચીન વચ્ચે જે સરહદી વિવાદ હતો તે આજે પણ છે. અને ૧૯૬૨ ની જેમ જ એક બીજા સૈન્ય વડાઓ ચેતવણી આપતા રહે છે.ચીન પહેલેથીજ ભારતની જમીન હડપવા માટે આધાર નવાર ઉબાડીયા કરતુ રહ્યું છે. તિબેટમાં ચીની ઘુસણખોરી બાદ સ્થાનિકો ઉપર ચીની સૈન્ય દ્વારા જે રીતે ત્રાસ ગુજારવામાં આવતો હતો તેની સામે ભારે વિદ્રોહ થયો. જેમા ચીની સૈન્ય પાછું પડ્યું હતું... પરંતુ પછીથી ચીની સૈન્યએ જે પ્રકારે તિબેટના વિદ્રોહીઓનો સફાયો કરી નાખ્યો તેના ઘેરા પ્રત્યાઘાત વિશ્વ ભરમા પડયા... પરંતુ ચીનેને તેની કોઈ અસર થઈ ન હતી. તિબેટના દલાઈ લામાને ભારતમાં આશ્રય લેવો પડયો હતો.સલહદી મેકમોહન લાઈનનો ચીને સ્વીકાર કર્યા બાદ સીમા વિવાદ રહ્યો નથી તેવું સ્વિકાર્ય બન્યું.... પરંતુ દગાબાજ ચીને ચાયના પિક્ટોરીયલ માં એક નકશો પ્રસિદ્ધ કરાવ્યો જેની સામે નહેરુજીએ વિરોધ કર્યો ત્યારથી ભારત અને ચીનના સંબંધો ખરાબ થવા લાગ્યા.... અને ચીને તેનું પોત પ્રકાશ્યું.... ભારતમાં અને તેના રાષ્ટ્રપતિ વિરુદ્ધ થઈ રહેલા દેખાવો સામે પગલાં લેવા કહ્યું... નહીં તો ખરાબ પરિણામો આવશે તેવી ધમકી આપી હતી. ચીનનો આવો પૂર્વ ઈતિહાસ જોઈ-સમજીને મોદીજીએ ચીન સાથે કયા પ્રકારે બાથ ભીડી... કેવી રીતે બાથ ભીડવી અને ક્યારે ભીડવી તે માટે કોઈપણ જાહેરાતો કર્યા વગર સફળ થવા ચૂપચાપ આગળ વધીને ચીનને સબક શીખવવો જોઈએ.....અને એજ આપની કલગીનુ છોગું બની રહેશે.....!!

અત્યારના સમયે ભારતભરમાં ચીન વિરૂધ્ધ લોકાક્રોશ વધી ગયો છે. લોકો ચીનની બનાવટોનો બહિષ્કાર કરી રહ્યા છે. ત્યારે કેન્દ્ર સરકારે એવા આદેશ કરી દીધા છે કે કોઈપણ ઉત્પાદન ઉપર ઉત્પાદન કરતા દેશનું નામ ફરજીયાત પ્રિન્ટ કરવું પડશે. મતલબ આડકતરી રીતે દેશની પ્રજાને માલનો બહિષ્કાર કરવા માટેનો રસ્તો કરી આપ્યો છે .પરંતુ સરકાર ખુલ્લેઆમ ચીનના માલનો બહિષ્કાર કરવો એ ભારત માટે વધુ તકલીફો ઊભી કરી શકે છે. કારણ વ્યાપાર કરારો. ચીનનો માલ સામાન ભારતના ઉત્પાદનો કરતાં વધુ પ્રમાણમાં કિંમતમાં સસ્તો હોય છે તે કારણથી લોકો ફુલ ફેસિલિટી ધરાવતો ચીન ઉત્પાદિત થતો માલ ખરીદે છે. ચીનની એક બીજી ચાલ પણ ઉત્પાદન બાબતે રહી છે. વધુ સસ્તી કિંમતે વેચાય તે ચીજ વસ્તુઓનું આયુષ્ય ટૂંકું હોય છે-મતલબ તકલાદી હોય છે... તો એજ કંપનીનો બીજો માલ નહીંવત વધુ સુવિધા આપી વધુ કિંમત વસૂલે છે... જેનું આયુષ્ય લાંબુ હોય છે અને આ કારણે લોકો તેમના ઉત્પાદનો ખરીદે છે જે એક સત્ય હકીકત છે. મોદીજીએ ચીનના ઉત્પાદનો જેવો જ માલ સામાન દેશમાં જ સસ્તી કિંમતે ઉત્પાદન ઉત્પાદન થઈ શકે તે માટે વ્યવસ્થિત આયોજન કરવું પડશે. જેમાં કોમન મેન જે ચીજ વસ્તુઓ મોટા પ્રમાણમાં ખરીદે છે અને ઉપયોગ કરે છે તેના પર સવિશેષ ધ્યાન આપે... જેમાં પતંગ, દોરા, ફટાકડા, વિવિધ પ્રકારના રમકડાં, મોબાઈલ, ટીવી, લેપટોપ અને તેના ઉપકરણો દેશમાં ઓછી કિંમત અને લોકોને પરવડે તેવી કિંમતે ઉત્પાદનો કરાવે તો લોકો દેશમાં જ બનેલી પ્રોડક્ટ ખરીદતા થઈ જશે... તે સાથે લોકોમાં પણ સપ્રેમ દેશપ્રેમ જાગ્રત કરવો પડશે જેમાં લોકો પણ એવો આગ્રહ કરતા થઈ જાય તો હું મારા ભારત દેશના-સ્વદેશના ઉત્પાદનો ખરીદી અને વાપરીશ આ માટે વ્યવસ્થિત અભિયાન ચલાવવું પડશે. કારણકે અત્યારે દેશમાં લોકોને ધર્મ તરફ,કોમવાદ તરફ,પ્રાંતવાદ,જ્ઞાતિવાદ તરફ ધકેલી દેવામા આવ્યા છે તેમાંથી બહાર કાઢી ભાત્ર ભાવના-એકતાની ભાવના ઉભી કરવી પડશે. ત્યાર બાદ ચીનને દેશમાંના વિવિધ નાના મોટા પ્રોજેક્ટોનું કામ આપવાનું બંધ કરવા સાથે લશ્કરની ત્રણેય પાંખોને અત્યાધુનિક હથિયારોથી સજ્જ કરવી પડશે અને ત્યારે જ ચીનને સબક શીખવાડી શકાશે..... વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૬/૦૬/૨૦૨૦, શુક્રવાર, અષાઢ સુદ-૫
સૂર્યોદય-૬-૦૬, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૭-૫૩,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૬થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૯ સુધી, ૧૨-૫૦થી શુભ-૧૪-૩૧ સુધી, ૧૭-૫૨થી ચલ-૧૯-૩૩ સુધી, ૨૪-૫૦થી શુભ-અમૃત-ચલ-૨૮-૪૭ સુધી

- શુભ હોરા-
૬-૦૬ થી ૯-૨૮ સુધી, ૧૦-૩૫ થી ૧૧-૪૩ સુધી, ૧૩-૫૭થી ૧૭-૧૯ સુધી, ૧૮-૨૬ થી ૧૯-૩૩ સુધી

# પહેલ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ એક યુગલે સેવાકીય કાર્યો કરી સમાજમાં યુવાનો માટે પ્રેરણારૂપ

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુરના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારમાં એક યુવા યુગલ, ઋષિત મસરાણી અને પૂર્વજા ભટ્ટે લોકડાઉનમાં અનેકવિધ સેવાકીય કાર્યો કરી સમાજમાં યુવાનો માટે પ્રેરણા પૂરી પાડી છે.

કવિવર ઉમાશંકર જોશીએ એક નવદંપતિને લગ્નપ્રસંગે પુસ્તક ભેટ આપતી વખતે શુભેચ્છા નોંધ લખી હતી કે ×જેટલાં સમાજનાં થશો, તેટલાં જ એકબીજાનાં થઈ શકશો. ×

રવિશંકર મહારાજે એક નવવધુને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, ×તું સુખી થવા નથી જઈ રહી, પરંતુ સુખી કરવા જઈ રહી છે એટલું યાદ રાખજે.×

કવિવર ઉમાશંકર જોશી અને રવિશંકર મહારાજની આ વાતો આપણને ઋષિત મસરાણી અને તેમનાં જીવનસાથી પૂર્વજાએ કરેલાં સેવાકીય કાર્યોની વિગત જાણીને યાદ આવી જાય.

હજી હમણાં તો, ૩૦મી નવેમ્બર, ૨૦૧૯ના રોજ તેમને લગ્ન કર્યું છે. ઋષિત તો ઘણાં વર્ષોથી આદિવાસીઓ અને ગરીબો માટે અનેક સેવાકીય કાર્યો કરે છે. ઝળહળતી કારકિર્દીને તેણે સેવા માટે જતી કરી છે. પ્રતિભાશાળી અને સજ્જ યુવક છે. જોકે, મગજ કરતાં હૃદયનું વધારે માને છે. તેમાંય મૂળ અમરેલીના, પરંતુ અત્યારે રાજકોટ સ્થાયી થયેલા પરિવારમાંથી આવેલાં પૂર્વજા ભટ્ટ મળ્યાં. પછી તો બંનેએ સાથે મળીને સેવા કાર્યોમાં ગતિ આણી છે, સુગંધ ભેળવી છે. ૨૨મી માર્ચ, ૨૦૨૦ના રોજ જનતા કરફ્યૂના દિવસથી આ યુગલે ધરમપુર અને કપરાડા વિસ્તારમાં કામ શરુ કરી દીધું. આમેય આ વિસ્તાર આદિવાસીઓનો અને ગરીબોનો વિસ્તાર છે. સૌથી પહેલાં વાત કરીએ જમાડવાની. ૭૨ દિવસમાં આ દંપતિએ આશરે ૧ લાખ ફૂડ પેકેટનું વિતરણ કર્યું છે. ઘણી વાર તો બંનેએ ૪૦૦-૪૦૦ કિલોમીટરની મુસાફરી પણ કરી છે.



નિયત કરેલા રસોડે જમવાનું બનતું હોય અને ગરીબો, મજૂરો જમતા હોય. એક વાર તો એવું થયું કે રાત્રે દસેક વાગ્યે મામલતદાર ઓફિસમાંથી ઋષિત ઉપર ફોન આવ્યો કે, ૩૦૦ કિલોમીટર ચાલીને ૭૦ જેટલા મજૂરો આવ્યા છે. ભૂખ્યા છે. ઋષિતે પૂર્વજાને કહ્યું. પૂર્વજાબહેન તરત જ પોતાની ટીમ સાથે ખીચડી બનાવવા બેસી ગયા. મામલતદારે માત્ર ૨૦-૩૦ મિનિટનો સમય આપ્યો હતો. ૩૦મિનિટમાં તો ૭૦ લોકો માટે ખીચડી અને શાક તો બન્યું જ, ગરમ ગરમ રોટલા પણ બનાવી દીધા. આને કહેવાય જુસ્સો, આને કહેવાય સંવેદના અને આને કહેવાય સાચી માનવતા.લોકડાઉન વખતે ઋષિત અને પૂર્વજાબહેને ચા અને બિસ્કીટની પણ સેવા પૂરી પાડવામાં આવી હતી. ધરમપુરની ૬ હોસ્પિટલોમાં તેઓ દર્દીઓ, ડોક્ટરો તથા મેડિકલ સ્ટાફ માટે ચા અને બિસ્કીટ લઈને જતાં હતાં. સવારે અને સાંજે તેઓ આ સેવા આપતાં હતાં. એ વખતે ચાની લારીઓ બંધ હતી એટલે લોકોને ચા મળતી નહોતી.

પહેલ ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ આ યુગલે ૬ હજાર પરિવારોને રાશનકીટ પણ આપી. શું શું આપતાં હતાં રાશનકીટમાં ? ઘઉં, ચોખા, મીઠું, તેલ, રાઈ, સાબુ, સેનેટરી પેડ, માસ્ક અને મચ્છરની અગરબત્તી આ ઉપરાંત પણ બીજું ઘણું આપતાં હતાં.

આ યુગલે ઝીણી ઝીણી બાબતોની પણ કાળજી રાખી. લોકડાઉન હતું એટલે બધી જ દવાઓ મળતી નહોતી. જે ગરીબ દર્દીઓ ડાયાબિટીસ કે બ્લડ પ્રેશરના દર્દીઓ હતા તેમને સમયસર દવા પૂરી પાડી. માનસિક રોગીઓની દવા માટે તો આ યુગલે ઘણી વખત વલસાડ અને નવસારી જવું પડતું. ત્યાંથી દવા લાવી કે મંગાવીને તેમણે દર્દીઓને પહોંચાડી.

આ સમયગાળામાં તેમણે ૧૦ હજાર પાણીની બોટલો આપી. ૨૫ હજારથી વધુ માસ્ક આપ્યાં. માસ્કની કહાની રસપ્રદ છે. વોકલ ફોર લોકલ અભિગમના પગલે તેમણે ૪૦૦ લોકોને રોજગારી આપી. ખાદીના કપડામાંથી માસ્ક કારીગરો પાસે બનાવડાવ્યા. તેમાં પાછી કલાનો ઉમેરો કર્યો. દરેક માસ્ક પર વારલી પેઈન્ટિંગ કરાવ્યું. કલા અને સંસ્કૃતિનું જતન થાય, માસ્ક આકર્ષક લાગે અને લોકોને રોજગારી પણ મળે.આ સમયગાળામાં ૨ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ પૂર્વજાબહેનનો જન્મદિવસ આવે. લગ્ન પછી તેમનો આ પ્રથમ જન્મદિવસ આવ્યો હતો. ઋષિતે તેમને ૨૦ હજાર સેનેટરી પેડ ભેટ આપ્યા. પૂર્વજાબહેને ગરીબ અને આદિવાસી મહિલાઓમાં તેનું વિતરણ કર્યું. કેવી અનોખી ભેટ ?

આ સમયગાળામાં આ યુગલ સતત દોડતું જ રહ્યું. આદિવાસી અને ગરીબ લોકોની સેવા કરવા ઉપરાંત વિવિધ સરકારી ઓફિસોના કર્મચારીઓ, હોસ્પિટલોનો મેડિકલ સ્ટાફ અને કોરોના વોરિયર્સ માટે તેમણે રોજેરોજ કામ કર્યું. આ બધું કામ જાનના જોખમે પણ થયું. તે વખતે આવા સમયકાળમાં કોરોના પોઝિટિવનું જોખમ તો હતું જ. જોકે, એ જોખમને અતિક્રમીને ઋશ્વિત અને પૂર્વજાએ કામ કર્યું છે.

તેમની સાથે તેમની ટીમમાં કરણભાઈ વસાણી, મુન્નાભાઈ ઠક્કર, હિરેનભાઈ પંચાલ, પ્રશાંતભાઈ અને બ્રિજેશભાઈ પણ જોડાયા હતા.

ઋષિત અને પૂર્વજાનું અનોખું લગ્ન છે. એ પ્રેમ માત્ર એકબીજા સાથેનો પ્રેમ નથી. સમાજ સાથેનો પ્રેમ પણ છે. સમાજ માટે કશું જ નક્કર કરવાની બંનેની ભાવના છે. ૨૨મી એપ્રિલ, ૧૯૮૯ના રોજ જન્મેલા ઋષિતને સામાજિક નિસબત વારસામાં મળી છે. તેમના પિતાજી રાજેશભાઈ આ વિસ્તારના જૂના સમાજસેવક છે. ઋષિતે અંગ્રેજી વિષય સાથે એમ.એ. કર્યા પછી એમ.એડ. કર્યું છે. અમેરિકન અને બ્રિટીશ ઈંગ્લિશનો સઘન અભ્યાસ કર્યો છે. સરકારી ઉચ્ચ નોકરી, બેન્કમાં ઉચ્ચ નોકરી, જર્મની કે બેંગ્લોરમાં ઉચ્ચ નોકરીની તેને તક હતી, પરંતુ છેવાડામાં રહેતા લોકો માટે કામ કરવાની ભાવના હતી તેથી તેણે આ બધી, દુનિયાદારીની રીતે ઝળહળ લાગતી કારકિર્દીને જતી કરી. નાની ઉંમરમાં તેણે ઘણું મોટું કામ કર્યું છે.

લોકડાઉનમાં ગુજરાતમાં અનેક સંસ્થાઓએ અને વ્યક્તિઓએ ખૂબ કામ કર્યું છે. અલબત ધરમપુર જેવા છેવાડાના વિસ્તારમાં બેસીને એક યુવા યુગલે જે કામ કર્યું છે તે ખરેખર પ્રેરક છે.સરાહનીય કાર્ય ને બિરદાવી શકાય.

# ક્રૂડ તેલમાં ૬૧,૯૨,૬૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં બેતરફી વધઘટ: કપાસ, કોટન, એલચી, મેન્થા તેલમાં સાર્વત્રિક ઘટાડો: સીપીઓમાં વૃદ્ધિ: નેચરલ ગેસ ઢીલું: પ્રથમ સત્રમાં રૂ.૧૦૬૭૬ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૮૨૬૩ સોદામાં રૂ. ૧૦૬૭૬.૬૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૦૪૯૮.૦૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૭૮.૬૧ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં બેતરફી વધઘટ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ૬૧,૯૨,૬૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. નેચરલ ગેસ પણ ઘટી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, એલચી, મેન્થા તેલમાં સાર્વત્રિક ઘટાડો હતો, જ્યારે સીપીઓમાં વૃદ્ધિ વાયદાના ભાવમાં થઈ હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૨૩૭૬ સોદાઓમાં રૂ. ૬૦૪૦.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૧૧૪ ખૂલી, ઉપરમાં રૂ. ૪૮૧૭૩ અને નીચામાં રૂ. ૪૭૮૮૯ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૪ ઘટીને રૂ. ૪૭૯૮૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૮૩૨ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૦૦ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૫ ઘટીને બંધમાં રૂ. ૪૭૯૭૦ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૦૫૦ ખૂલી, ઉપરમાં રૂ. ૪૮૦૫૦ અને નીચામાં રૂ. ૪૭૫૦૪ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૩ ઘટીને રૂ. ૪૭૫૭૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૭૭ વધીને રૂ. ૪૭૮૭૭ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૧૦૮ વધીને રૂ. ૪૭૯૦૨ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૭૪૮૨ સોદાઓમાં રૂ. ૨૫૦૨.૮૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૮૫૫ ખૂલી, ઉપરમાં રૂ. ૨૮૮૫ અને નીચામાં રૂ. ૨૮૧૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૧ ઘટીને રૂ. ૨૮૪૨ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૩૮૬ સોદાઓમાં કુલ રૂ. ૩૧૨.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૮૦૦ ખૂલી, ઉપરમાં રૂ. ૧૫૮૨૦ અને નીચામાં રૂ. ૧૫૭૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૫૭૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૧૦.૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭.૬ વધીને બંધમાં રૂ. ૭૧૭.૧ ના ભાવ હતા, જ્યારે એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ. ૧૩૦૫ ખૂલી, અંતે રૂ. ૮.૫ ઘટીને રૂ. ૧૩૦૬.૭ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૦૦ ખૂલી, ઉપરમાં રૂ. ૧૦૦૦ અને નીચામાં રૂ. ૯૮૫ રહી, અંતે રૂ. ૯૯૨.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૦૮ ખૂલી, ઉપરમાં રૂ. ૧૦૧૦ અને નીચામાં રૂ. ૧૦૦૧.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૫૦ ઘટીને રૂ. ૧૦૦૩.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૧૭૩ સોદાઓમાં કુલ રૂ. ૩૯૫૫.૭૬ કરોડ ની કીમતનાં ૮૨૩૫.૩૮૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૪૮૨૦૩ સોદાઓમાં કુલ રૂ. ૨૦૮૪.૪૦ કરોડ ની કીમતનાં ૪૩૩.૬૩૧ ટન, ક્રૂડ તેલમાં ૪૦૫૬૦ સોદાઓમાં રૂ. ૧૭૬૭.૮૨ કરોડનાં ૬૧૯૨૬૦૦ બેરલ્સ, કોટનમાં ૪૯૦ સોદાઓમાં રૂ. ૩૨.૧૩ કરોડનાં ૨૦૨૦૦ ગાંસડી, સીપીઓમાં ૨૭૭૯ સોદાઓમાં રૂ. ૨૬૮.૯૨ કરોડનાં ૩૯૮૭૦ ટન, એલચીમાં ૩ સોદાઓમાં રૂ. ૩.૯૨ લાખનાં ૦.૩ ટન, મેન્થા તેલમાં ૮૬ સોદાઓમાં રૂ. ૧૦.૪૯ કરોડનાં ૧૦૪.૭૬ ટન, કપાસમાં ૨૮ સોદાઓમાં રૂ. ૫૬.૩૨ લાખનાં ૧૧૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૪૭૨.૯૦૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૭૫.૧૦૭ ટન, ક્રૂડ તેલમાં ૫૧૪૫ બેરલ્સ, કોટનમાં ૧૧૪૩૫૦ ગાંસડી, સીપીઓમાં ૬૬૬૭૦ ટન, એલચીમાં ૦.૮ ટન, મેન્થા તેલમાં ૧૫૦.૧૨ ટન અને કપાસમાં ૨૫૨ ટનના સ્તરે રહ્યો હતો.


કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૧૭૮.૬૧ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૪.૩૧ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૨.૦૬ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૭.૯૪ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦૦ ખૂલી, ઉપરમાં રૂ. ૭૧૫ અને નીચામાં રૂ. ૬૨૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૪૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૦ ખૂલી, ઉપરમાં રૂ. ૩૫૧ અને નીચામાં રૂ. ૩૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪૩ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૩૭૫ ખૂલી, ઉપરમાં રૂ. ૨૩૭૫ અને નીચામાં રૂ. ૨૩૧૬.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૪૪.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૫૭૭ ખૂલી, ઉપરમાં રૂ. ૨૫૯૧.૫ અને નીચામાં રૂ. ૨૫૨૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫૭૪ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૮૯.૯ ખૂલી, ઉપરમાં રૂ. ૧૯૦.૪ અને નીચામાં રૂ. ૧૫૮.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૫.૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૦૮ ખૂલી, ઉપરમાં રૂ. ૨૪૧.૭ અને નીચામાં રૂ. ૨૦૩.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૫.૪ બંધ રહ્યો હતો.

# મોદી શાશનમાં આં બાવાઓ વાંઠયા છે, યોગી,પર્જ્ઞા,રામદેવ અને મોરારી જેવા માથે ચઢયા



કોરોના કોવીડ -૧૯ વાઈરસ ની દવા દૂનીયા મા કયાય શોધાય નથી અને બાબા રામદેવ ની પંતજલી કંપની વાયદા કરી કોરોના ની દવા મે શોધી અને ૭ દિવસ મા દરદી સાજો થઈ જશે તેવો દાવો કરી રહયા છે પણ દેશ ના વિવિધ મંત્રાલયો તારીખ ૨૪-૬ - ૨૦ સુધી માનયતા મળી નથી

બાબારામ દેવ માટે દેશ ના ૧૩૦ કરોડ લોકો હવે દેશ માટે માથા ના દૂખાવો થઈ ગયા છે....દેશ ના મીડીયા ના માધ્યમથી દેશ ના ૧૩૦ કરોડ લોકો ને છેતરવાના ધંધો કરી રહયા છે...પાછા એ ધંધા મા કોઇ દાવા નુ તથ્ય હોતુ નથી...

ધંધા તો કોલગર્લ અને વિષ કનયાઓ પણ પોતાની જાત અને તેનુ સુંદર શરીર વેચી ધંધો કરતી હોય છે ના ધંધા મા પણ ઈમાનદારી હોય છે...ધંધો કરવો કોઇ ખોટો નથી ભારત નો કોઈપણ નાગરીક ધંધો કરી શકે...પછી તે બિયર બાર કરે , કોઠો ચલાવે...દારૂ ની દૂકાન કરે કે જમીન - મકાન નો દૂધ વેચે કે ગમે તે ધંધો કરે પણ તે ધંધા મા ઈમાનદારી હોવી જોઇએ..

બે નંબર ના ધંધા ફકત બોલી એટલે ફકત જબાન ના વિશ્વાસે થતા હોય છે પછી તે શેર બજાર હોય કે ક્રિકેટ નો કે અનાજ કે જીરુ વરીયારી નો સટટો બધા મા ઈમાનદારી નીભાવતા હોય છે....

તેવા સંજોગો મા કેસરી ભગવા કપડા પહેરી ધંધો કરતા બાબા રામદેવ દેશ ના ભોળા લોકો ને કયા સુધી છેતરવાના ધંધા કરશે.....?

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના રાજ મા કોઇ કાયદા કાનૂન નામની વસતુ છે કે નહી ...? તેના ઉપર ફકત દેશ ના ૧૩૦ કરોડ લોકો ને નહી પણ દૂનીયા ને શક પેદા થવા લાગયો છે કે રામદેવ બાબા જેવા કોઈપણ લોકો ભગવા કપડા પહેરી ગમે તેવા દાવા કરી ૧૩૦ કરોડ દેશવાસી ઓ ના જીવન -સાથે ચેડા કેવી રીતે કરી શકે....?

બાબા રામદેવ ભ્રમ છે કે હુ સુપર પાવર છુ.આવા ભ્રમ બળાતકારી આશારામ ને પણ હતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી ની બાજી દાવ પર લાગી છે.....સરકાર કોના બાન મા છે....? પુછતા હે ભારત...?દેશ ની પ્રતિષ્ઠા ને બાબા રામદેવે ખૂબ હાની પહોચાડી છે.. દેશ ના સાઇનટીસટો...મેડીકલ રીસર્ચ ના લોકો..તજજ્ઞો કોરોના કોવીડ -૧૯ વાઈરસ ની શોધમા રાત - દિવસ મહેનત કરી રહયા છે... તેમનો વિશ્વાસ ડગી ગયો છે...અમારી મહેનત નુ શુ....?

સડક છાપ બાબાઓ ગમે તેવા દાવા કરે તો અમારુ શુ કામ છે....? દેશ ના લોકો ને ભગવા કપડા પહેરી તેમના ભોળપન ની સાથે ખેલ ખેલી લૂંટવાના ધંધા હીનદૂ સમાજ ની આશતા તૂટવાની કિંમત મોટી ચૂકવવી પડશે...

ભગવાધારીઓ એ પણ હીનદૂતવ ધર્મં ની આસ્થા ને આંચ આવે તયારે તેમણે ચેતવણી ના સૂર મા સૂર પૂરાવો પડે નહીતર સનાતન ધર્મં ની આસ્થાયોગી ઉપર લોકો ને વિશ્વાસ ઉઠી જશે....

દરેક લોકો એ ધર્મં ની રક્ષા કરવી પડે...ધર્મંગુરુ ઓ નુ મૌન દેશ ના લોકો ને મંદિર મઝીદ ચર્ચં ગુરુદ્વારા ની આશતા ને કયારેય ન ચૂકવી હોય તેવી કિંમત ચૂકવવી પડશે... નહીતર દેશ ના મંદિરો ખંડેર બની જશે..

લોકો ને જયારે બે ટંક ના પેટ પુરવાના ફાફા હોય તયારે ખોટા દાવા કરી ભોળી જનતા ને લૂંટવાના ધંધા બાબા રામદેવે કયારેય ન કરવા જોઇએ...આશા રાખીયે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫૬ છાતી ધરાવે છે એટલે બાબા રામદેવ થી ડરી નહી જાય...

વેદના.....સંમવેદના ની....

જયેશ ગેડીયા

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

## કોરોના અને મધ્યમવર્ગ

કોરોના.....

કોરોના......કોરોના......!આખી દુનિયામાં કોરોનાના નામની રાડ ફાટી ગઈ છે.ઉચ્ચવર્ગના થી લઈને નીચલા વર્ગનો દરેક માનવી કોરોનાની અસરની ઝપટમાં આવી ગયો છે.ત્રણ ત્રણ મહીનાનું લોકડાઉન.ઉચ્ચવર્ગને વાંધો ન આવ્યો, નીચલા વર્ગની તકલીફોનો રસ્તો કરવાની જવાબદારી અનેક નેતા કે અભિનેતા અથવા સામાજીક સંસ્થાઓએ ઉપાડી લીધી.પરંતુ મધ્યમવર્ગનો માનવી તકલીફો હોવા છતાં જતાવતો નથી.શરૂ શરૂમાંતો ગાંઠે જે હતું જેટલું હતું એમાં ચલાવ્યું.કોરોનાથી સંક્રમિત ન થવાના અનેક ઉપાયોમાં ગુંથાયેલો રહ્યો. જેણે જે ઉપાયો બતાવ્યા એને અનુસરતો રહ્યો.મહામારીની શરૂઆત હતી એટલે ખૂબ સાવચેત રહ્યો.અને એટલેજ બીજી તકલીફો તરફ એનું ધ્યાન નહોતું જતું.પરંતુ જેમ જેમ દિવસો મહીનાઓમાં પલટાતા ગયા તેમ તેમ એને મોઢાં પર બાંધેલુ માસ્ક કોઠે પડવા લાગ્યું.કારણકે માસ્ક પહેરવાથી હોઠો પર અને ચહેરા પર આવી જતી હૃદયની વ્યથા ઢંકાઈ જાય છે.એ મધ્યમવર્ગનો માનવી વોટસપ પર આવતા જોક્સ, શાયરીઓ, અને કહેવતો કવિતાઓ પર પરાણે હસીને કે દાદ આપીને પોતાની તકલીફોના રૂદનને દબાવી દે છે.

વોટ્સપ પર આવતા કોરોનાથી બચવાના ઘરગથ્થુ દરેક ઉપાયો અજમાવે છે અને સંતોષ માને છે કે હાશ! મારો પરિવાર સુરક્ષિત છે.પરંતુ અંદરને અંદર ક્યાંક ડરે છે રખેને જો પરિવારમાંથી કોઈને પણ કોરોના થયું તો હોસ્પિટલના લાખો રૂપિયાના બિલ હું કેવી રીતે ચૂકવીશ.લોકડાઉન દરમ્યાન આજ મધ્યમવર્ગનો માનવી સામાજીક સંસ્થાઓ સાથે મળીને જરૂરિયાતવાળા લોકોને અનાજ વિતરણ જેવી સેવાઓ કરવામાં આગળ પડતો ભાગ ભજવે છે.

અને ઘરે આવીને પોતાના હલકા ખિસ્સાને જોઈને પરેશાન થઈ જાય છે.ત્યારે એજ મધ્યમવર્ગીય માનવીની પત્ની એને ' જે હશે એમાં ચલાવી લઈશ, તમે ચિંતા ન કરો.' કહીને એને હિંમત આપે છે.

ત્યારે એ પરેશાન મધ્યમવર્ગીય માનવીમાં ફરી આ યુધ્ધ લડવા ચેતના આવી જાય છે અને ફરી એજ માસ્ક,સોશ્યલ ડીસ્ટન્સીંગ એજ ઊકાળા, ઈલાજો અને એજ વોટસપના જોકસ,શાયરી અને કવિતા કહેવતોમાં.........!!! પરોવાઈ જાય છે.

આરતી અ. મરચંટ

મુંબઈ : કાંદીવલી. (સહ નિર્ણાયક)

---

## આત્મવંચના....

મંત્ર.....

નાનપણ મા પડોશી માસ્તરકાકા મંત્રોચાર કરે ને મન મા પ્રશ્ન ઉઠે શું બોલે છે ..??શુ ગણગણે છે??પણ બોલાય નહિ..નહિ તો મણિબા ની ડાંટ પડે .એમને કેટલો વિશ્વાસ હતો,માસ્તરકાકા પર.મને એ મંત્રો ને બદલે રસ હતો, વાડકીના પ્રસાદ મા ..જ્યા મંત્રોચાર પૂરા કે હુ બારી પર ..નાની વાડકી ના એ પ્રસાદ પર તેમના બાળકો કરતા પ્રથમ મારો હક.કેમ???

ત્યારે ગલી ભાવના નહિ પણ કુટુંબ ભાવના હતી.તેવીજ રીતે બીજું બુઝુર્ગ પતિ પત્ની નું જોડું હતું વકિલકાકા રસિકકાકા ને ભાનુકાકી ત્રણ દીકરી ના તે જમાના મા માતા પિતા હંમેશ ચિંતિત .ત્યા મંત્ર હતો ગુરૂ દેવ દત્ત નો...એના પછી મનહરકાકા ને વીણામાસી એ પણ બ્રાહ્મણ કુટુંબ શાંત સદાચારી એ ઘર મા હક્ક હતો મારો પણ મંત્ર હતો હૃદયની વિશાળતાનો પરણીને સાસરે ગઈ પણ જ્યારે જ્યારે ગલી મા પ્રવેશતી તો મળતો પહેલો આવકારો "આવી બહેન રોકાવાની છે ને??વીણામાસી નો.. .સામે રહેતા મંગુમાસી સદા બધાને મદદ કરવી એ મંત્ર ત્યા કોપરાને ગોળની વાડકી ભરાતી જેમાં મારો હિસ્સો રહેતો..એમના પુત્ર અશોકકાકા ને પુત્રવધૂ પુષ્પાકાકી મહેમાન હતા અમારી ગલીના,દિનેશકાકા પાસે અવનવી વાતો મળતી જીંદગી વિચારો મા વિતી ગઈ.

ધનુકાકી નો દરવાજો અમારી ગલી મા પણ ક્યારેય તેઓ હિસ્સો ન બન્યા..કોઈ મંત્ર જ નહિ...કુસુમકાકી નો મંત્ર હિંચકો...પણ વાર્તા વાંચવાનો શોખ તેમના દ્વારા મળ્યો..એ મોટો પ્રસાદ હતો..દિવાળીબા.. રોજ સાંજે રમિયે ને મારા

પિટિયા નો મંત્ર ..કેમ પણ અમારા રમવા મા એમને કેમ વાંધો ..? હવે સમજાય

છે બાળપણ એમણે માણેલું જ નહિ..! ગિરજાશંકરકાકા ને કપિલાકાકી સરસ દંપતિ ક્યારેય અવાજ નહિ.પણ રોજ સવારે સફેદ કપડા મા જતા કાકા સાંજે કાળા કપડા કરી આવતા ..કોલસાનો ધંધો કરતા તેથી હમેશાં પ્રશ્ન ઉઠતો ખરેખર બ્રાહ્મણ છે?

બ્રાહ્મણો ની વચ્ચે અમે બેપટેલકુટુંબ,નટવરકાકા નો મંત્ર આખી ખડકીને શિસ્ત મા રાખવી..કાકી પ્રેમાળ..ભાઈ ને ભાભી ની ઠંડા પાણીના માટલા પર મારો હક્ક ,ઘરમાં કદી પાણી પીધું નથી..મારા ઘરમાં "ઓમ નમો ભગવંતે વાસુદેવાયનો મંત્ર"ગલી મા જેટલા બધા ને ત્યા હુ હક જમાવતી તે બધા ના બાળ બચ્ચા નો મારા ઘરમાં હક્કમારા દાદી સર્વ ના ગુર,પિતા અલગારી પણ નરસિંહ મહેતા ને કાકા કાકી ગલી ના મહેમાન... મારી" મમ્મી"આખી ગલી ની "મા" ગરમ ચોપડા અથાણું ..મુઠિયા ને પિકનિક ના જલસા ,ગરબા જીવી ત્યા સુધી ગલીમાં ગવાયા ને...

આજે મારા ઘરના પગથિયા ચઢુ છુ તો મુંબઈમાં લાગે છે "એકલતાનો"મંત્ર..પાડોશી છ મહિનાથી રહેવા આવ્યા છે પણ મોઢું નથી જોયું .આમ તો સામાન્ય જ વાત છે ભર્યા ભર્યા આંગણા ના આ આત્માને આ "મંત્ર" કઠે છે મિત્રો ક્યારેય આ ભાવના જન્મશે એ પ્રશ્ન "મંત્ર" બની ઘૂમે છે...????

જયશ્રી પટેલ (નિર્ણાયક શ્રી)

---

## અથાણું

કાશીબા સિઝન બહું ચીવટથી જાતે જ ભરતા. તેમના અથાણાં, મુરબ્બાની ખ્યાતિ આખા ગામમાં ફેલાયેલી. કોઈ તેમના કામમાં વચ્ચે આવવાની હિંમત પણ ન કરતું. આજે સવારથી તેઓ અથાણાંની તૈયારી કરતા હતાં. નાની ટીનુ તેમની હિલચાલ તાકીને જોઈ રહો હતી. તેઓ એક મોટી થાળીમાં મસાલાની નાની નાની ઢગલી કરી અંદાજ કાઢતા હતા ત્યારે "બગડે તો આખું વર્ષ બગડે", તેમના અડધા બોલાયેલા વાક્યને ટીનુએ બરાબર ઝડપી લીધું.

"શું બગડે તો આખું વર્ષ બગડે બા."

"આ મરચું, એટલે કે તારા દાદા, તીખા તમતમતા!" બોખા મોંઢે હાસ્ય ગજબનું લાગતું હતું.

ટીનુને બાની વાતમાં મજા પડી.

"બા આ કોણ છે." મેથીની ઢગલી તરફ આંગળી ચીંધી તેણે પૂછ્યું.

"આ તો હું, કડવી પણ ગુણકારી." ફરી ખડખડાટ હસી પડ્યા.

હવે એમને ટીનુના બધા સવાલ ખબર હોય એમ આગળ ચલાવ્યું," આ હળદળ એ તારી ફોઈ. કામ ઓછું ને રૂપ-રંગની માથાકૂટ વધારે. આ હિંગ એ તારા કાકા. ઘરમાં ન હોય ત્યારે ગેરહાજરી ન વર્તાય પણ તેના વગર મજા ન આવે."

ટીનુને વાતમાં રસ પડતા નજીક આવવા ગઈ તો તેલની બરણી માંડ પડતા બચી.

"અલી ઓયે તારા બાપને તો સંભાળ. બધાને એક કરીને જો રાખે છે!" કાશીબા બરાડી ઉઠ્યા.

"જરા તાપમાંથી મીઠું લઇ આવ. " ટીનુને બાનો આદેશ માનવો પડ્યો.

મીઠાની તપેલી હાથમાં જ પકડીને ઉભી રહી, જાણવા માંગતી હતી ને!

"આ છે તારી મમ્મી. તેના વગર તો ઘર સાવ બેસ્વાદ!"

બાજુમાં રહેલી ખાંડની નાની ઢગલી જોઈ કુતૂહલતાથી પૂછ્યું,"આ?"

"એ તો મારી મીઠડી તું." કહી બાએ ગાલે ચુટકી ભરી. ટીનુ ફુલાઈને બેઠી.

મીઠા-મેથીની ઢગલી કરી બધા મસાલા ઉમેરી બાએ સરસ સંભાર તૈયાર કરી દીધો.

ત્યાં જ પરસાળમાં ભઈલાનો રડવાનો અવાજ આવ્યો. ઘરના બધા તે ભણી દોડી ગયા. આળોટતા પલંગ પરથી પડતા થોડું વાગ્યું હતું. છાનો રાખવાની કોશિશ કરતા બધાં તેને વીંટળાઈ ગયા.

ભઈલો રડતો શાંત થઈ ગયો એટલે કાશીબા પાછા તેમના કામે વળગ્યા. ટીનુ તેમની પાછળ ખેંચાઈ આવી.

"બા આપણો ભઈલો કેરી નહીં? કેરીને બધા મસાલા કેવા ચોંટીને બેઠા છે!" બરણીમાં ભરાતા અથાણાંને તાકીને ટીનુએ કહ્યું. કાશીબા ટીનુની ચતુરાઈને વંદી રહ્યા. ટીનુના જીવનનું કોઈ વર્ષ નહીં બગડે એ વાતની તેમને ખાતરી થઈ ગઈ.

વંદના વાણી ( નિર્ણાયક શ્રી)

---

શીર્ષકઃ- કોફીની ચુસ્કીએ....

કોફીની ચુસ્કીએ હવે તને યાદ કરું,<br>
કોની પાસે જઈ બધી ફરિયાદ કરું?<br>
મારી રોમેરોમમાં તું જ તો સમાયો છે,<br>
કેવી રીતે મારામાંથી તને બાદ કરું?<br>
કસર નથી રાખી દિલ તોડવામાં તે,<br>
ક્યાં જઈ મારો પ્રેમ હવે આબાદ કરું?<br>
માન્યું, નથી ફાવટ તને પ્રેમની જરા,<br>
કેમ મારી જીંદગી હું બરબાદ કરું?<br>
ખોવાયો છે તું દુનિયાની ભીડમાં ક્યાંક,<br>
કઈ ચોખટે જઈ તને હું સાદ કરું?

આરતી રામાણી "એન્જલ".... જેતપુર

Bombay Jigna. Narishakti Lekh:

---

તો તો પછી જોવા જેવી થાય,<br>
જો સુદામો સ્ટાર થઈ જાય.<br>
હવે કોણ આ કૃષ્ણ ?<br>
ને કેવી દ્વારિકા..?<br>
એને યાદ હવે થોડું કરાય ?<br>
ગામ જો જાણે તો આપણી આબરૂ શું ?<br>
નામ આપણું હવે નીચું ન થઈ જાય ?<br>
જો સુદામો સ્ટાર થઈ જાય.<br>
ચપટીક તાંદુલ નો હવે ભાવ કોણ પૂછે ?<br>
હવે ચિકન બિરયાની ખવાય...<br>
ને બિરયાની એકલી તો ફાવે નહિ એટલે..<br>
રોજ સાંજે બોટલ ખોલાય..<br>
જો સુદામો સ્ટાર થઈ જાય.સગા સંબંધીઓ ને આવવા ન દેતા.<br>
એવી દ્વારપાળ ને સૂચના અપાય.<br>
એપોઇન્ટમેન્ટ વિના આવવું નહિ<br>
એવું મસમોટું બોર્ડ મુકાય.<br>
વિશ્વામિત્ર આવે કે આવે વશિષ્ઠ.<br>
ને સાંદિપની ને તો ફરકવા ન દેતા..<br>
વજનદાર તાળા મરાય..<br>
અંદરખાને એક નાનેરું ભોંયરૂ..ને ભોંયરામાં..<br>
અપ્સરા ની મહેફિલ મંડાય..<br>
જો સુદામો સ્ટાર થઈ જાય.<br>
તો તો જોવા જેવી થાય...<br>
જો સુદામો સ્ટાર થઈ જાય.

કિશોર સચદે.

---

## 'તું'કારો

તમને તું કારે બોલાવનારું કોઈ ના હોય તો માનજો કે તમે સાચે જ એકલા છો અને સાવ નિષ્ફળ છો,સાવ ગરીબ છો......

ધન દોલત,માન સન્માન,હોદ્દો,ઈજ્જત આબરુ......

આ બધું ય એક તું કાર આગળ મૂલ્યવિહીન છે.

એક બાજુ વાલબાઈની વાળી અને એક બાજુ સિદ્ધયોગીની જીંદગીભરની તપસ્યાના પુણ્યની જેમ.

જેમ વાલબાઈની વાળી જ ભારે રહી.....

એમ એક બાજુ એક તું કાર અને એકબાજુ જીંદગી ભરનાં માન અકરામ....

માની લો કે

તમને અચાનક હૃદય રોગનો હુમલો આવ્યો,તમે બચી પણ ગયા....

તમારી ખબર પૂછવા માટે માણસોની લાઈન લાગી છે....પણ ખરેખર તમારી ખબર પૂછવા કેટલા આવ્યા છે? એ તમે જાતે જ નક્કી કરજો.

મોટા ભાગના તો તમારા હોદ્દાની અને તમારી દોલતની ખબર પૂછવા આવ્યા હોય છે.

"સાહેબ !!!...કેમ છે હવે તબિયત?

અરે,આ ડોકટરની હોસ્પિટલ માં રહેવાતું હશે?

તમારી પાસે ક્યાં રુપિયાની કમી છે...

મોટી હોસ્પિટલમાં જવું જોઈએ ને!

આ તો 'ગરીબો'ની હોસ્પિટલ છે.

અરે,સાહેબ...

અમે નગુણા નથી..તમે ગઈ વખતે અમારી 'મદદ' કરી હતી એટલે....

તમારી ખબર પૂછવા તો આવવું જ જોઈએ ને."

આ બધી ભીડની વચ્ચે તમારી નજર એક એવા માણસને ગોતતી હોય છે કે જે....

તમારા ખાટલે આવીને તમને ધબ્બો મારીને કહે...

અલ્યા,તું ભડ જેવો થઈને આમ ઢીલો કેમ થઈ ગયો છે...

હું આવી ગયો છું હવે....

આ હુમલા-બુમલાને આપણે ગાંઠવાનો જ નથી.

લે હેંડ હવે જલ્દી સાજો થઈ જા એટલે વળી ફાફડા જલેબી ખાવા જઈએ....

તારા વગર મેં પણ ફાફડા જલેબી ખાવાના બંધ કરી દીધા છે.

અને ચોથા દિવસે તો એ બધા મિત્રો સાથે મળીને વટથી ફાફડા જલેબી ઉડાવતા હોય ને.. એ છે તું કારની તાકાત.

કચ્છી ભાષામાં અમુક જ્ઞાતિ માં બાપને પણ તું કહીને જ બોલાવે છે.

મોટો અધિકારી કે ડોકટર ....કલેકટર...બધાને એ લોકો તું જ કહે.

ઘણાનું કહેવું છે કે એ થોડી તોછડાઈ કહેવાય. શરુવાત માં હું પણ એમ જ માનતો હતો પણ એનો બોલવાનો લહેકો સાંભળ્યા પછી લાગે કે એ તું કારમાં જે પ્રેમ છે એ બીજે ક્યાં?...

અને આમ જોવા જઈએ તો એ તું કારમાં જે આદર હોય છે.,એ તું કારમાં જે લાગણી છે એ માનવાચક શબ્દોમાં ક્યાંથી?

બસ,તમે કોણ છે એનાથી એને બહુ મતલબ નથી પણ તું મારો મિત્ર છે ને મારું કામ તમે કરશો જ ...નકરો એવો જ ભાવ ભર્યો હોય છે એમાં.

ગરીબ માણસ મરી જાય પછી એની સ્મશાનયાત્રામાં જો એને લાગણીથી તું કારો દેનારા બે-ચાર જણા હાજર હોયને તો હું નથી માનતો કે એ માણસ નિર્ધન હતો અને એનો આ દુનિયા પરનો ફેરો ફોગટ ગયો.

અને કરોડપતિની સ્મશાનયાત્રા માં બધા એમ જ કહેનારા હોય કે...'શેઠ સારા હતા'.... તો એના જેવો કોઈ ગરીબ મર્યો નથી એમ સમજવું.

હા,પણ એ તું કારો ત્યારે જ સારો લાગે કે જયારે એ તું કારો દિલને હોય, આત્માને હોય....ાણસની સ્થિતિ કે એના હોદ્દાને નહી.નાણા વગરનો નાથિયાને નાણે નાથાલાલની જેમ નહી...

બાકી તો મોટા મોટા રાજા-મહારાજાઓ અને જાગીરદારો અને શ્રીમંતો પણ માનના ભાર પાછળ હીજરાઈ હીજરાઈને મરી ગયા છે.સાલું,આ દિલ કોની જોડે ખોલવું ? કોક તો જોઈએ ને!

એ દિલના દરવાજાની ચાવી એની પાસે જ હોય,એ એની પાસે જ ખૂલે જેને તમે તું કહીને બોલાવી શકતા હોય.

અને જેનું દિલ મિત્રો જોડે ખૂલ્યું ના હોય એને પછી આજના જમાનામાં ઓપરેશન થિયેટરમાં જઈને ખોલાવવું પડે છે.

એટલે જ કહું છું કે.. .

વધારે નહી તો એકાદ મિત્ર તો એવો રાખજો જ જે તમને તુંકારે બોલાવી શકે અને તમે તેની જોડે કોઈ પણ જાતના સંકોચ વગર બધી જ વાત કરી શકો.

ડો.કિશોર ઠકકર.ગાંધીધામ.
(નિર્ણાયક શ્રી)







ચાણસ્મા તાલુકા કોંગ્રેસ દ્વારા આજે ડીઝલ પેટ્રોલ તેમજ મોંઘવારી મુદ્દે ધરણા તેમજ મામલતદાર ને આવેદનપત્ર આપી ભાજપ સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા તેમજ ચાણસ્માતાલુકા ને વિકાસ ના કામથી વંચિત રખી રહયા હોવાનું જણાવ્યું હતું.

અનલોક ૧પછી બંધ થયેલા ધંધા રોજગાર ૩મહીના પછી ધીરે-ધીરે સરકાર ની ગાઈડ લાઈન મુજબ ખુલી રહ્યા છે ૩મહિના થી રોજગારી વિના બેઠેલા લોકો ની ગાડી ધીરે ધીરે પાટા પર ચડી રહી છે ત્યારે બીજી બાજૂ મોંઘવારી દિવસે ને દિવસે વધતી જાય છે ત્યારે લોકો માટે દર ચલાવવું મુશ્કેલ બન્યું છે છેલ્લા ૧૫દિવસ માં ડિઝલ પેટ્રોલ માં અશહય ભાવ વધારો થતા તેના કારણે અન્ય ચીજવસ્તુઓ ના ભાવતાલ આશમાને પહોંચ્યા છે જે અન્વયે ચાણસ્મા તાલુકાના કોંગ્રેસ સંગઠન દ્વારા બુધવારે સવારે ૧૧વાગે ચાણસ્મા સર્કલ પાસે એકઠાં થઈ ડિઝલ પેટ્રોલ પર નો ભાવ વધારો પાછો ખેંચવા મા આવે તેવી માંગ સાથે સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા બાદમા મામલતદાર કચેરી એ જઈ તેમના ડિઝલ પેટ્રોલ પર નો ભાવ વધારો પાછો ખેંચવા ની માંગ સાથે નું આવેદન પત્ર મામલતદારને આપવામાં આવ્યું હતું જેમાં કોંગ્રેસના નાગજીજી દરબાર રાજુલ પટેલ તા પં પ્રમુખ ગેમરભાઈ દેસાઈ યુવા અગ્રણી વરુણ વ્યાસ નરેન્દ્રભાઈ ચૌધરી સહિતના કોંગ્રેસના અગ્રણીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.(.ધ્રુવ દવે દ્વારા)

# સિદ્ધપુર કોંગ્રેસ સમિતિ દ્વારા કાકોશી ખાતે પેટ્રોલ-ડીઝલ ના ભાવ વધારા મુદ્દે કરવામાં આવ્યું વિરોધ પ્રદર્શન.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના અધ્યક્ષ માન. શ્રી અમિતભાઈ ચાવડા સાહેબ ના આદેશ અનુસાર સિધ્ધપુર તાલુકાના કાકોશી મુકામે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા દેશ માં વધતા જતા પેટ્રોલ-ડીઝલ ના ભાવ તેમજ અન્ય મોંઘવારી ના કારણે આ નિષ્ફળ સરકાર સામે અવાજ ઉઠાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં કાકોશી મુકામે વિવિધ વિસ્તારોમાં જઈ લોકોનું સમર્થન મેળવી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી. જેમાં GPCC મંત્રીશ્રી ઈબ્રાહીમભાઈ ચારોલીયા, GPCC સહમંત્રીશ્રી દશરથભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખશ્રી હમિદભાઈ મોકનોજિયા, કાકોશી સરપંચશ્રી મહેશભાઈ પરમાર, માજી સરપંચશ્રી રૂપસંગજી ઠાકોર, તાલુકા પંચાયત સદસ્ય પ્રવિણજી ઠાકોર, અશ્વિનભાઈ પરમાર, અનિલભાઈ શ્રીમાળી જેવા કોંગ્રેસ ના આગેવાનો તેમજ કાર્યકરોએ હાજરી આપી અને ગ્રામજનોએ પણ સમર્થન આપ્યું હતું.

# કેશોદમાં કોલ્ડ્રિક્સ એશોશીએશનની સ્થાપના પ્રમુખ તરીકે ભરતભાઈ લખલાણીની વરણી



કેશોદ : (રાજુભાઈ પંડ્યા)કેશોદનાં વિવિધ કોલ્ડ્રિક્સ ધારકોની મળેલ બેઠકમાં કેશોદ કોલ્ડ્રિક્સ એશોશીએશન ની સ્થાપના કરાઇ હતી.જેમાં પ્રમુખ તરીકે સર્વાનુમતે ભરતભાઈ લખલાણીની વરણી કરાઇ છે.આ વરણી ને સમસ્ત બ્રહ્મસમાજ નાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રમુખ મુકેશભાઈ સાતા ત્થા ટ્રસ્ટી મંડળ દ્વારા અને સમસ્ત બ્રહ્મસમાજ પ્રમુખ પ્રફુલભાઈ પંડ્યા એ આવકારી છે.તમામ કોલ્ડ્રિક્સ એશોશીએશન ધારકો દ્વારા સર્વાનુમતે સ્થાપના કરીને પ્રમુખ તરીકે ભરતભાઈ લખલાણી ની કેશોદ કોલ્ડ્રિક્સ એશોશીએશનના પ્રમુખ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી ત્યારે ભરતભાઈ લખલાણીએ જણાવ્યું હતું કે કોલ્ડ્રિક્સ વેપારીઓ ની કોઈ પણ સમસ્યાં કે પ્રશ્નો ને યોગ્ય વાચા આપવા હરહંમેશ હું તત્પર રહીશ. કોલ્ડ્રિક્સ એશોશીએશન માં શહેર નો કોઈ પણ નાના મોટાં વેપારી જોડાઈ શકે છે.અને કોઈપણ મુશ્કેલી માં ખંભેખંભો મિલાવીને સાથ આપવા નો કોલ આપ્યો હતો.

# વારાહી કટલરીની દુકાનમાં નોકરી કરતો લુણીચણાનો યુવાન કોરોનામાં સપડાયો



.ધ્રુવ દવે દ્વારા.

સાંતલપુર તાલુકાના ગામડાઓમાં કોરોના એ એન્ટ્રી કરી લુણીચણા ગામનો ૧૯ વર્ષ નો યુવાનને કોરોના પોઝીટીવ આવતા ગામમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. સાંતલપુર તાલુકા મથક વારાહી ખાતે બજારમાં આવેલ કટલરી ની દુકાનમાં નોકરી કરતા લુણીચણાના યુવાનને એક સપ્તાહ થી તાવ શરદી ખાંસી થતાં તે વારાહી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગયેલ ત્યાં તેણે તા ૨૦/૬/૨૦૨૦ ના કોવિડ ૧૯ ના સેમ્પલ લેવામાં આવ્યું હતું પણ કોઈ કારણસર રીજેકટ થયું હતું પછી તેનું બીજું સેમ્પલ તા ૨૩/૬/૨૦૨૦ ના રોજ લેવાયેલ તેમાં તેને કોરોના પોઝીટીવ આવતા સ્થાનિક આરોગ્યની ટીમ લુણીચાણા પહોચી હતી ત્યારે કોવિડ ૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવેલ યુવાનને ઘરના સદસ્યો સંતાડી દેવામાં આવ્યો હતો આરોગ્યની ટીમ દ્વારા પરિવારને સમજાવવા છતાં પોઝિટિવ યુવકને બહાર ના કાઢતા આરોગ્યની ટીમ દ્વારા વારાહી પોલીસની મદદ લેવામાં આવી હતી જ્યારે પોલીસ પહોચ્યા બાદ યુવાનને આરોગ્યની ટીમને સોંપવામાં આવ્યો હતો. કોરોના પોઝિટિવ યુવકના પરિવારના અભ્યોને ઘરમાં કોરોન્ટાઈન કરવામાં આવ્યા હતા જ્યારે યુવાનને ૧૦૮ મારફતે રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સાંતલપુર તાલુકામાં કોરોના પોઝિટિવ ત્રીજો કેસ આવતા છેવાડા ના વિસ્તારમાં કોરોના ના કેસો માં ધીમે ધીમે વધારો થતા લોકો ચિંતા પ્રસરી હતી.

# દાહોદ જિલ્લાના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતા મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા

## અંતરીયાળ ગામના વિદ્યાર્થીઓ માટે વિવિધ કૌશલ્ય મેળવીને ઉજ્જવળ કારકિર્દીનું સ્વપ્ન સાકાર કરવામાં આર્શીવાદરૂપ બનશે આઈટીઆઈ:મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા



અભેસિંહ રાવલ દાહોદ તા. ૨૫

દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ આજે જિલ્લાના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કર્યું હતું. તેમણે સિંગવડ તાલુકામાં રૂ. ૨૪૦ લાખના ખર્ચે તૈયાર થનારા તાલુકા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કર્યું હતું. ત્યાર બાદ સંજેલી તાલુકાના અણિકા ગામે નવનિર્મિત ઔધોગિક તાલીમ સંસ્થા અને ૨૦૦૦ મેટ્રીક ટન ક્ષમતાના ગોડાઉનનું લોકાર્પણ કર્યું હતું. રાજ્યકક્ષાના મંત્રી શ્રી બચુભાઈ ખાબડ અને સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ સૌ પ્રથમ સિંગવડ તાલુકામાં રૂ. ૨૪૦ લાખના ખર્ચે તૈયાર થનારા તાલુકા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત હતું. ત્યાર બાદ સંજેલી તાલુકાના અણિકા ગામે અત્યાધુનિક નવનિર્મિત ઔધોગિક તાલીમ સંસ્થાનું લોકાપર્ણ કર્યું હતું. આ ઔધોગિક તાલીમ સંસ્થા રૂ. ૪૪૬.૯૧ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. જેમાં ૧૧૬૭.૩૪ ચો.મી. ના ગ્રાઉન્ડ ફલોર અને ૧૧૪૦.૮૬ ચો.મી. ના ફસ્ટ ફલોર તૈયાર કરવામાં આવ્યો છે. ગ્રાઉન્ડ ફલોર પર વર્કશોપ રૂમ નં. ૧ થી ૬, પ્રિન્સીપાલ રૂમ, વહીવટી રૂમ, સ્ટોર રૂમ, ઈલેકટ્રીક રૂમ, ટોયલેટ બ્લોકસ, વોટર કુલર રૂમ અને પ્રથમ માળે વર્કશોપ રૂમ નં. ૭ થી ૯, થીયરી રૂમ નં. ૧ થી ૮, ઓડીયો વિઝ્યુલ રૂમ, ટોયલેટ બ્લોકસ, વોટર કુલર રૂમ તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સમ્પ, આંતરીક રસ્તાઓ, પાર્કીંગ શેડ અને બગીચો તૈયાર કરવામાં આવ્યો છે.

મંત્રી શ્રી વસાવાએ આ પ્રસંગે જણાવ્યું કે, આ અત્યાધુનિક ભવન અંતરીયાળ ગામડાના વિદ્યાર્થીઓ માટે સોનેરી ભવિષ્યનું નિર્માણ કરશે. આ ઔધોગિક તાલીમ સંસ્થા વિદ્યાર્થીઓને વિવિધ કૌશલ્ય મેળવીને ઉજ્જવળ કારકિર્દીનું સ્વપ્ન સાકાર કરવામાં મોટી મદદ કરશે.

આ ઉપરાંત મંત્રી શ્રી વસાવાએ સંજેલીના અણિકા ગામે ૨૦૦૦ મેટ્રીક ટનની ક્ષમતાના ગોડાઉનના નવનિર્મિત ભવનનું પણ લોકાર્પણ કર્યું હતું. આ ગોડાઉનનું બાંધકામ રૂ. ૨૩૯.૪૫ લાખના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ, દાહોદે કર્યું છે.

આ પ્રસંગે ઔધોગિક તાલીમ સંસ્થા, સંજેલી ખાતે ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું.

કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર,ધારાસભ્ય શ્રી રમેશ કટારા, જિલ્લા કલેક્ટર શ્રી વિજય ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચીત રાજ, કાર્યપાલક ઈજનેર શ્રી આર.વી. પટેલ ઉપરાંત પક્ષના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માલપુર ઉભારણના તળાવમાં

# ભુમાફિયાઓએ બેફામ માટીનું ખનન કરતાં ગામના રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળવાની દહેશત થી લોકોમાં ફફડાટ



.મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનનો ફાયદો ઉઠાવી ભુમાફિયાએ અનેક તળાવો, ગૌચર અને સરકારી જમીનમાંથી ગેરકાયદેસર ખનન અને વહન મોટા પ્રમાણમાં થયું હોવાની બૂમો ઉઠી રહી છે જીલ્લામાં ખનીજ માફિયાઓ ખાણ ખનીજ તંત્રની મીઠી નજર હેઠળ બેફામ બની ખનન કરી કુદરતી સંપત્તિને લૂંટી રહ્યા હોવાના ઘણા બનાવો અગાઉ પણ બન્યા છે. જીલ્લા ખાણ ખનીજ તંત્રના કેટલાક કર્મીઓની કામગીરીના પગલે કેટલાક ખનન માફિયાઓ કોઈ પણ પ્રકારની મંજૂરી કે લીઝ વગર મનફાવે ત્યાં ધાપ બોલાવી ખનીજ ચોરી કરી દેતા હોય છે. ખનીજ તંત્રના દરોડામાં પણ તોડ ન થાય તો જ કાયદાકીય અને દંડની કાર્યવાહી થતી હોવાનું પ્રકૃતિ પ્રેમીઓએ જણાવી રહ્યા છે ત્યારે માલપુર તાલુકાના ઉભરાણના તળાવમાં ભુ માફિયાઓએ છેલ્લા બે મહીનાથી ગેરકાયદેસર ખનન કરી કરોડો રૂપિયાની માટી ચોરી કરી લાખ્ખો રૂપિયાનો સરકારી તિજોરીને ચૂનો લગાવવાની સાથે તળાવ નજીક આવેલા રહેણાંક વિસ્તારોમાં પાણી ઘુસી જવાની દહેશત પેદા થતા લોકો ફફડી ઉઠ્યા છે ભુમાફિયાઓની દાદાગીરી સામે ગામ લોકો લાચારી અનુભવી રહ્યા છે જીલ્લા કલેક્ટર સમગ્ર મામલે તટસ્થ તપાસ કરાવી તળાવમાંથી માટી ક્યાં ઘર કરી ગઈ તપાસ કરી ભૂમાફિયાઓ સામે દંડનીય કાર્યવાહી કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે જીલ્લા ખાણખનીજ અધિકારી રવિ મિસ્ત્રીએ તપાસ ચાલુ હોવાનુ જણાવ્યું હતું

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉભારણ ગામના તળાવમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ભૂમાફિયાઓ નો ડોરો ઠરતાં તળાવમાંથી ગેરકાયદેસર રાત્રીના સુમારે જેસીબી મશીનથી ખોદી નાખી ડમ્પરો અને ટ્રેકટર મારફતે તળાવમાંથી તળાવમાં ૪૦ થી ૬૦ ફૂટ ઉંડાઉં માટી ઉલેચવાનું ચાલુ રાખતાતળાવથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલા ભોઈવાડા,વણકર,ચમાર,રાવળ, હરિજન ફળીયા અને વાવ બજારમાં પાણી ફૂટી નીકળવાની દહેશત પેદા થતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે તળાવની નજીક આવેલ સ્મશાનમાં મૃતદેહ દફનાવેલ જગ્યામાંથી પણ માટીનું ખનન કરતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે સમગ્ર ઘટનાથી વહીવટી તંત્ર અજાણ રહેતા લોકોમાં અનેક ચર્ચાઓ ઉઠી રહી છે ખાણખનીજ વિભાગ ધૃતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહ્યું હોય તેમ ખનીજ માફિયાઓને છુટ્ટો દોર મળી ગયો છે બેફામ બનેલા ખનીજ માફિયાઓ મનફાવે ત્યાંથી ખનીજનું ખનન કરી રહ્યા છે

ઉભારણ તળાવમાંથી ભૂમાફિયાઓ કરોડો રૂપિયાનું માટીનું ખનન કરી ગેરકાયદેસર વેપલો કરી સરકારી તિજોરીને લાખ્ખો રૂપિયાનો ચૂનો લગાવ્યો હોવાની બૂમો ઉઠી છે ત્યારે જીલ્લા ખાણખનીજ તંત્રે તળાવમાંથી માટીનું ખનન થયું છે કે નહિ તે માટે સર્વે કરવા ટિમ મોકલી આપવામાં આવી હોવાનું ખાણખનીજ અધિકારી રવિ મિસ્ત્રીએ ટેલિફોનિક પુછપરછ માં જણાવ્યું હતું

## લીંબડી તાલુકાના શિયાણી પી.એચ.સી સેન્ટરના મેડિકલ કર્મીઓનું ગ્રામજનોએ પુષ્પવર્ષા કરીને સ્વાગત કર્યું

લીબડીના શિયાણી પીએચસી સેન્ટર માં કામ કરતા મેડિકલ કર્મચારીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કામગીરી સોંપવામાં આવી હતી, કોરોના ની વૈશ્વિક મહામારી માં જીવના જોખમે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કામગીરી નો સમય પૂર્ણ થતા મેડિકલ કર્મચારીઓ શિયાણી ગામ પરત ફર્યા હતા, જેમાં ડો. હાર્દિક સોલંકી, ડો. રમેશ કાપડીયા, અલ્કાબેન મકવાણા, તરૂણાબેન વાઘેલા વિગેરેઓએ કોરોના વોરિયર્સ તરીકે મહા રોગના સમયમાં દર્દીઓની સેવા પૂરી પાડી હતી, આથી આ શિયાણી પીએચસી સેન્ટર ના મેડિકલ કર્મચારીઓ પરત શિયાણી ગામ પરત ફરતા ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું, covid-19 મહામારીમાં ફરજ બજાવીને પરત ફરેલા મેડિકલ કર્મચારીઓ પર ગામના આગેવાનો અને ગ્રામજનો દ્વારા પુષ્પવર્ષા કરીને આવકારવામાં આવ્યા હતા.રિપોર્ટર:દિપકસિંહ વાઘેલા લીબડી.


## રાજ્ય સરકાર દ્વારા ૧૦ ગામદીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની યોજનાનું લોકાર્પણ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાજયમાં હાલમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળના પશુપાલન પ્રભાગ દ્વારા કાર્યરત "કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨" તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૧૦૮ ના સફળ અનુભવને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા "૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના યોજના"નાં કુલ ૪૬૦ જેટલા ફરતા પશુદવાખાનાઓ પીપીપીના ધોરણે પ્ફ્દ્ધ-ઈસ્ઈં મારફતે શરૂ કરવાનું આયોજન છે. આ મોબાઈલ પશુ દવાખાના દ્વારા નિયત કરેલ ગામોમાં નિઃશુલ્ક પશુ સારવાર ગામ બેઠા આપવામાં આવશે. આકસ્મિક સારવાર માટે ૧૯૬૨ પર ફોન કરી નિયત થયેલ ગામોમાં ઘર બેઠાં વિના મૂલ્યે પશુ સારવાર આપવામાં આવશે. આ તમામ વાહનો પશુ સારવાર માટેની જરૂરી તમામ દવા સાધન સામગ્રી અને નિષ્ણાત પશુચિકિત્સા અધિકારી સાથે ઉપલબ્ધ રહેશે. આ યોજના મારફતે નિઃશુલ્ક પશુસારવાર સેવાઓ વર્ષના ૩૬૫ દિવસ સવારે ૭ થી રાત્રે ૭ દરમ્યાન પશુપાલકોને ગામ બેઠા ઉપલબ્ધ થશે. આ તમામ વાહનોમાં જીપીએસની સુવિધા હોવાથી માન. મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ મારફતે યોજનાનું રીયલ ટાઈમ મોનિટરીંગ પણ કરવામાં આવશે. કુદરતી આફતના સમયમાં આ એકમો દ્વારા અવિરત સેવાઓ મળી રહેશે. આ યોજના માટે સરકારશ્રી દ્વારા રૂ. ૮૮ કરોડથી વધુ રકમની માતબર જોગવાઈ પણ કરવામાં આવેલ છે. માનવ આરોગ્યની ત્વરિત અને સુગમ સારવાર માટે જેમ ૧૦૮ ની સેવાઓ હાલ કાર્યરત છે, તે જ રીતે પશુપાલકો માટે ૧૯૬૨ ટોલ ફ્રી નંબર ડાયલ કરવાથી વિના મૂલ્યે ગામ બેઠાં પશુસારવાર પશુપાલકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે. પહેલા તબકકામાં ૧૦૮ જેટલા વાહનોનું ફ્લેગ ઓફ માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે તા.૨૨/૦૬/૨૦૨૦ ના સોમવારના રોજ નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી થયેલ છે. ત્યારબાદ બે તબક્કામાં મળી કૂલ ૪૬૦ જેટલા મોબાઈલ પશુ દવાખાના કાર્યરત કરી રાજ્યના ૪૬૦૦ થી વધુ ગામોના પશુપાલકોને ગામબેઠાં ઉત્કૃષ્ઠ પશુ આરોગ્ય સેવાઓ આપવામાં આવનાર છે.આજ રોજ બનાસકાંઠા પાલનપુર કલેકટર કચેરી ખાતે માનનીય કલેકટર શ્રી સંદીપ સાગલે સાહેબ તથા જીલ્લા પંચાયત પ્રમુખ પીના બહેન ઠાકોર, નાયબ પશુપાલન નિયામક જીલ્લા પંચાયત શ્રી ડો. પ્રકાશ ચંદ્ર મીસ્ત્રી દ્વારા મોબાઈલ વેટરનરી ડીસ્પેનસરી નું રીબીન કાપી તથા લીલી ઝંડી ફરકાવી લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માં નાયબ પશુપાલન નિયામક ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ડો બી એમ સરગરા સાહેબ, પાલનપુર પોલીકલિનીક ના અધિક્ષક ડો આર એલ પટેલ સાહેબ, જીવીકે ઈએમઆરઆઈ પ્રોગ્રામ મેનેજર કમલેશ પઢિયાર સાહેબ, ઈએમઈ ભાસ્કર રાય નાયક, ઈએમઈ નિતિનકુમાર ગોરાદરા તથા ઈએમઈ નિખીલ પંચાસરા ઉપસ્થિત રહ્યા હતા.

## સિધ્ધપુરના મલ્લિકાજૂન ચેતનરાજ બાપુવંનશીએ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો




(ધ્રુવ દવે.સિદ્ધપુર)

પાટણ જિલ્લામાં આવેલ સિધ્ધપુરના સનનગરમાં રહેતા મલિક્કાજુન ચેતનરાજ બપુવાંશીએ જણાવ્યું હતું કે

હુ અત્યારે એસ ટી. ટી. કોલેજ બી. એડ વિસનગર ખાતે અભ્યાસ કરું છુ. લોકડાઉન દરમિયાન મારા વર્ગના વિદ્યાર્થીઓ નો અલગ -અલગ પેપર ના ઓનલાઈન ટેસ્ટ લેતો હતો. આ ટેસ્ટમાં રોજ ૫૦ થી વધારે વિદ્યાર્થીઓ ભાગ લેતા જેથી મને સારી પ્રતિક્રિયા મળી હતી મારી પોતાની દિનચર્યાની વાત કરું તો હૂં પોતે ૪ઃ વાગે ઉઠુ છુ. સવારના ૪ થી ૬ વાગ્યા સુધીમાં રોજ ૬ કિલોમીટર રનિંગ કરુ છુ. આ સમય દરમિયાન જ મને એક વિચાર આવ્યો કે મારે વલ્ડ રેકોડ બનાવવો છે જેથી મે ઓનલાઈન કવીઝ કોમ્પિટિશન રમવાનું ચાલુ કર્યું આ ઓનલાઈન સ્પર્ધામાં સૌપ્રથમ રજીસ્ટ્રેશન કરાવવું પડે. જેમા ઈમેલ એડ્રેસ જે તે સંસ્થામાં ભણતા હોય તે સંસ્થાનું નામ પોતાનુ નામ અને પોતાનો મોબાઈલ નંબર લખવાનો હોય છે અહી એક વખત રજીસ્ટ્રેશન થયા પછી બીજી વખત ટેસ્ટ આપી શકાતો નહતો જો ઓનલાઈન ટેસ્ટમાં પાસ થઈએ તો ઈ સર્ટિફિકેટ મળતુ હતુ. આમ મે માત્ર ૬ દિવસમાં ઓનલાઈન કવીઝ કોમ્પીટેશન રમીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો




**મુસ્લિમો ના પવિત્ર રમજાન માસમાં લોકડાઉનના નિયમોમાં તાત્કાલિક ફેરફાર કરનાર ભાજપા સરકાર રથયાત્રાના પવિત્ર દિને રથયાત્રા ની મંજૂરી ન આપી તે બદલ મહંત શ્રી દિલીપદાસજી મહારાજનું બયાન,તેઓ એ કહ્યું ×અમારી સાથે ગેમ રમાઈ ગઈ .અમદાવાદ સરસપુર મંદીરના મહંત લક્ષ્મણદાસની ચીમકી, સરકાર રાજીનામું આપે, સરકારને ૪૮ કલાકનો સમય આપ્યો છે, સરકાર રાજીનામું નહીં આપે તો આત્મહત્યા કરીશ, સરકાર જો ઈચ્છતી હોત તો રથયાત્રા નીકળી શકતઃ મહંત લક્ષ્મણદાસ**

## કેશોદ તાલુકાનાં સોદરડા ગામે કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં કુલ દસ કેસ થયાં




કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ કેસ આઠ નોંધાયાં હતાં જેઓ જુનાગઢ ખાતે સારવાર મેળવી નેગેટિવ રીપોર્ટ આવ્યા બાદ પરત ઘરે આવી ગયા છે ત્યારે છેલ્લા બે દિવસથી ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવી છે. કેશોદ તાલુકાનાં સોદરડા ગામે સુરત થી વતનમાં પરિવાર સાથે આવેલા ધર્મેન્દ્રભાઈ મેઘનાથી ને કોરોના વાયરસ નાં લક્ષણો જોવા મળતાં કેશોદ ની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં વધુ તબિયત ખરાબ થતાં ૧૦૮ દ્વારા જુનાગઢ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જેનો આજે પોઝીટીવ રીપોર્ટ આવ્યો છે. કેશોદ તાલુકાનાં શેરગઢ ગામનો એક કોરોના પોઝિટિવ કેસ ગઈકાલે નોંધાયાં બાદ આજરોજ બીજો કેસ સોદરડા ગામે નોંધાતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાયરસ ફેલાતો હોય ત્યારે વહીવટી તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક કામગીરી હાથ ધરવામાં આવી છે. કેશોદ તાલુકાનાં સોદરડા ગામે કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં તંત્ર દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોન અને બફર ઝોન જાહેર કરવાની કામગીરી હાથ ધરી છે અને કેશોદ બસ સ્ટેન્ડ પાસે આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવી હતી એ વિસ્તારમાં કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવો કે સેનેટાઈઝ કરીને સંતોષ માનવો એ જીલ્લા કલેકટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે પછી ખ્યાલ આવશે.

કેશોદ શહેર-તાલુકા માં કોરોના મહામારી ડબલ ડીઝીટ માં પહોચી ગયેલ છે ત્યારે કેશોદ વહીવટી તંત્ર દ્વારા દરેક વ્યક્તિને સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઈડ લાઈન નું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય નાં રેડ ઝોનમાં થી વતનમાં પરત આવતાં વ્યક્તિઓ ને મંજુરી લેવાની જરૂરિયાત ન હોવાથી સંખ્યાબંધ વ્યક્તિઓ આવી રહ્યાં છે ત્યારે સંક્રમણ થી કોરોના વાયરસ ફેલાવાની સંભાવના વધી રહી છે. કેશોદ તાલુકાનાં બે કોરોના પોઝીટીવ કેસ હાલ એકટીવ છે ત્યારે આ આંકડો વધતો અટકાવવા સરકાર સાથે દરેક વ્યક્તિને પણ સચેત રહેવું પડશે.

## અરવલ્લીમાં ધમાકેદાર મેઘરાજાનું આગમન

# વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં આનંદ, વાતાવરણમાં ઠંડક પ્રસરી



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાના બુધવારે સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં કરા સાથે ધોધમાર વરસાદ ખાબકતા નેશનલ હાઈવે પર ની દુકાનોમાં વરસાદી પાણી ઘૂસ્યા હતા જીલ્લામાં વરસાદી માહોલ છવાયા બાદ સતત બીજા દિવસે જીલ્લાના મોડાસા શહેર સહીત અનેક વિસ્તારોમાં વરસાદની એન્ટ્રી ધમાકેદાર રહી હતી.મોડાસા અને ભિલોડા પંથકમાં બપોરના સુમારે વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો.આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા.ધડાકા સાથે એકાએક વરસાદ ખાબક્યો હતો.નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા મેઘરાજાના તોફાની આગમનથી વાતાવરણમાં ઠંડક પ્રસરતાં અસહ્ય ઉકળાટ થી તોબા પોકારી ઉઠેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો મોડાસા, ભિલોડા પંથકમાં મૂશળધાર વરસાદ વરસ્યો હતો.જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અમુક બાળકોએ વરસાદમાં ભીંજાવવાની મજા માણી હતી.આમ એકાએક વિજળીના કડાકા અને ધડાકા સાથે વરસાદ તૂટી પડયો હતો.એક ઈંચ ઉપરાંત વરસાદ વરસ્યો હોવાનું જણાયું હતું.નીંચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.જેથી રસ્તાઓ બેટ બન્યા હતા.આમ મુશળધાર વરસાદ વરસતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. ખેડૂતો હવે ચોમાસુ વાવેતર ના શ્રીગણેશ કરશે,સારો વરસાદ થતાં ખેતી પણ સારી રીતે થશે.બપોરના સુમારે વરસાદ ખાબક્તા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા પડતાં મોસમનો પ્રથમ વરસાદ સારો વરસતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

# બળદોને કુમકુમ તિલક કરી અને મોં મીઠા કરી નરેડીમાં વાવણી કરતા ખેડૂતો



(જીજ્ઞેશ પટેલ દ્વારા )

વંથલી અને મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ થતા ખેડૂતો એ વાવણીની શરૂઆત કરી દીધી છે વંથલી તાલુકાના નરેડી ગામે ખેડૂતો ખેતરમાં મગફળી અને કપાસ ના પાકો નું વાવેતર કરી રહયા છે ખેડૂતો યાંત્રિક સાધનો ટ્રેક્ટર ના બદલે બળદો દ્વારા વાવણી કરી રહયા છે.

નરેડી ગામ ના ખેડૂત જેન્તીભાઈ બરવાડીયા અને રાજુભાઈ બરવાડીયા એ જણાવ્યું હતુ કે આજના આ આધુનિક યુગમાં વાવણી કરવા માટે વિવિધ આધુનિક યંત્રો અને ઓજારો નો ઉપયોગ થવા લાગ્યો છે જેને કારણે બળદ આધારિત ખેતી દિન પ્રતિદિન ઘટતી જાય છે અને બળદો દ્વારા થતી ખેતી લુપ્ત થતી જાય છે આધુનિક ખેતી ભલે ગમે તેટલી સરળ હોય પરંતુ બળદ આધારિત ખેતી ખુબજ લાભદાયક અને ઓછી ખર્ચાળ છે. જો શારૂ વાવેતર કરવું હોય તો બળદનો સહારો લેવો પડે છે. બળદના પગલાં ખેતરમાં પડે તે જગ્યાએ જમીન દબાતી નથી અને જેને લીધે દરેક પાકનો ઉગાવો સારો રહે છે. બળદો દ્વારા થતી ખેતી સરળ અને સમૃધ્ધિ લાવનારી હોવાનું આ બન્ને ખેડૂતો એ જણાવ્યું હતુ

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.